ગાંધીનગરે મોદીની જાહેરાતને ફુલડે વધાવી

(તસવીર : દિપક જાની)

ભાજપના કાર્યકરો દ્વારા શહેરમાં મોડી સાંજે વિશાળ રેલી યોજાઈ : ઘ-૪ પાસે આતશબાજી કરાઈ : શહેરના સેવાકેન્દ્રો અને પદયાત્રીઓમાં પણ જશ્નનો માહોલ

ગાંધીનગર, તા. ૧૩

મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીની પ્રધાનમંત્રી પદના ઉમેદવાર તરીકેની આજે સાંજે કરાયેલી વિધિવત્ ઘોષણાના પગલે ગાંધીનગર ભાજપના કાર્યકરોએ આનંદની અભિવ્યક્તી માટે એક વાહનરેલી યોજી હતી તેમજ ફટાકડા ફોડી પાર્લામેન્ટરી બોન્ડના આ નિર્ણયના વધામણા કર્યા હતા.

ગાંધીનગર શહેર ભાજપના કાર્યકર્તાઓએ આજે સાંજે એક રેલી યોજી હતી. જે ખાસ કરીને શહેરના નવા સેક્ટરોના વિસ્તારોને આવરી લઈ રાત્રે ઘ-૪॥ નજીક પહોંચી હતી જ્યાં આતશબાજી કરી આ નિર્ણયના વધામણા કરવામાં આવ્યા હતા.

મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નામની જાહેરાત અંગેનો મુદ્દો આજે પણ ટોક ઓફ ધી ટાઉન રહ્યો હતો. શહેરના દરેક ખૂણે આજ મુદ્દાની ચર્ચા જોવા મળી હતી.

ભાજપના આગેવાનોએ જણાવ્યું હતું કે ગુજરાતને અન્યાય કરતી કેન્દ્ર સરકારને હવે ગુજરાતની તાકાત ખબર પડશે. આ આગેવાનોએ જણાવ્યુ હતુ કે ગુજરાતના વિકાસમાં રોડા નાખનારા તત્વોને લોકલાગણીનો શુ મિજાજ છે તે હવે સમજાશે.

મુખ્યમંત્રીશ્રીની પસંદગીના નિર્ણયની જાહેરાતને ગુડાના ચેરમેન શ્રી અશોકભાઈ ભાવસાર, શહેર પ્રમુખ શ્રી નીતિન પટેલ, ગાંધીનગર (દ)ના ધારાસભ્ય શ્રી શંભુજી ઠાકોર, ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય શ્રી

ખૂણે... ...ખાંચરેથી

- ગાંધીનગર તાલુકા વિકાસ અધિકારી શ્રી ચારેલે આજે કન્યા કેળવણી નિધિમાં વ્યક્તીગત રીતે રૂ. ૧૧ હજાર આપ્યા છે. તો આ ઉપરાંત તાલુકાની ચાર ગ્રામ પંચાયતોએ પણ ૧૧ હજાર ૧૧ હજારના ચેક આપ્યા છે.
- ઉત્તરાખંડના આપત્તિગ્રસ્તોના પુનઃવસન માટે સિનીયર સિટીઝન્સ કાઉન્સીલે આજે વધુ રૂ. બે લાખનું દાન આપ્યું છે.
- ગાંધીનગર શહેરના બે બિલ્ડરોને ત્યાં ઈન્કમટેક્ષના દરોડા પડ્યા છે અને મોટી કરચોરી પકડાઈ હોવાનું જાણવા મળેલ છે.
- ગાંધીનગર જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી હિનાબેન પટેલના પતિ હરેશકુમાર પટેલ અંબાજી પદયાત્રામાં જવા રવાના થયા છે.
- જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રવક્તા શ્રી સૂર્યસિંહ ડાભી પણ પેથાપુર બ્રહ્માણી મંડળના સભ્યો સાથે અંબાજી પદયાત્રામાં જોડાયા છે.
- પ્રધાનમંત્રી પદના ઉમેદવાર તરીકે મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નામની જાહેરાતની ઉત્સુકતા આજે ગાંધીનગરમાં સૌથી વધુ જોવા મળી હતી.
- ગાંધીનગર શહેરમાં ડેન્ગ્યુના કેસોએ પુનઃ માથુ ઉંચક્યુ છે. એક સનદી અધિકારના પત્નીને ડેન્ગ્યુ પોઝીટીવ આવ્યો છે.
- જિલ્લા આરોગ્ય સમિતિના કેમ્પોમાં સારવાર લેનાર પદયાત્રીઓની સંખ્યા ૫ હજાર પર પહોંચી છે.
- કલેક્ટર કચેરીના કારકુન સંવર્ગમાંથી નાયબ મામલતદાર સંવર્ગમાં બઢતીના મુદ્દે કર્મચારીઓ ખાનગી અહેવાલની ફાઈલો તૈયાર કરવામાં વ્યસ્ત બન્યા છે.

ફૂટપાથના બાકી કામ સંદર્ભે વિભાગે ખર્ચનો અંદાજ મંગાવ્યો

ગાંધીનગર, તા.૧૩

શહેરમાં ૨૪ કી.મી. વિસ્તારમાં બાકી રહેલી ફૂટપાથની કામગીરી સંદર્ભે અગાઉ તંત્ર દ્વારા વિભાગને દરખાસ્ત કરવામાં આવી હતી. જયારે રીમોટ વિસ્તારમાં ફૂટપાથની આભા ઉભી કરવા વિભાગે ખર્ચનો અંદાજ રજૂ કરવા તંત્રને જણાવ્યું છે. ફૂટપાથની બાકી કામગીરી પાછળ રૂ. ૭.૫૦ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે.

શહેરમાં છેલ્લા એક દાયકા

ચોવીસ કી.મી. વિસ્તારમાં ફૂટપાથનું બાકી કામ પૂર્ણ થશે

દરમિયાન મુખ્ય માર્ગો સહિત મોટા ભાગના સેકટરોને આંતરિક માર્ગો આસપાસ ફૂટપાથ નિર્માણનું કામ પૂર્ણ કરી દેવાયું છે. પ્રથમ તબક્કામાં ઘ-૫થી સરકીટ હાઉસ તરફના માર્ગ પર ફૂટપાથ બનાવવામાં આવી હતી. ત્યારબાદ તબક્કાવાર શહેરના 'ઘ' અને 'ચ' માર્ગ સહીત સેકટરોના આંતરક વિસ્તારોમાં વિવિધ રસ્તાઓ આસપાસ ફૂટપાથ નિર્માણની કામગીરી પૂર્ણ કરવામાં આવી હતી.

● અનુસંધાન પાન-૭ પર

ઈન્દ્રોડા પાસે નદીના પટમાં બનાવેલ કૃત્રિમ તળાવમાં ગણેશ વિસર્જન માટે મનપાની અપીલ

ગાંધીનગર, તા. ૧૩

હાલમાં ગણેશોત્સવ ચાલી રહ્યો છે. ગણેશોત્સવના અંતે ગણપતિની મૂર્તિઓનું વિસર્જન નદી-તળાવોમાં કરવામાં આવે છે. નદી-તળાવોમાં પ્રદૂષણ ન ફેલાય તે માટે સુપ્રિમ કોર્ટની ગાઈડલાઈન અનુસાર ઈન્દ્રોડા ગામના નદીના પટમાં કૃત્રિમ તળાવનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ તળાવમાં ગણેશજીની મૂર્તિનું વિસર્જન કરવા મનપા દ્વારા અપીલ કરવામાં આવી છે

ગણેશ મહોત્સવના તહેવાર દરમ્યાન ધાર્મિક માન્યતાઓ મુજબ મુર્તિનું વિસર્જન નદી અને તળાવોમાં કરવાની પ્રથા પ્રચલિત છે. જેના કારણે મુર્તિઓની બનાવટમાં વપરાતા કેમીકલ્સ, કલર વગેરેને લઈને નદી-તળાવોના પાણી પ્રદુષિત થાય છે તેને નિવારવા ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડની ગાઈડલાઈન મુજબ માર્ગ અને મકાન વિભાગ દ્વારા ઈન્દ્રોડા ગામના નદીના પટમાં કૃત્રિમ તળાવ બનાવવામાં આવ્યું છે. જેની કેપીસીટી ૩ લાખ લીટર પાણીની છે. ગાંધીનગર શહેરના નાગરીકોને વિનંતી કરવામાં આવી છે કે ગણેશ વિસર્જન ઈન્દ્રોડા ગામના નદીના પટમાં બનાવવામાં આવેલ કૃત્રિમ તળાવમાં ગણેશજીની મૂર્તિઓનું વિસર્જન કરવું.

શહેરના રોડ નેટવર્કને ૩૭ કરોડના ખર્ચે ચકાચક બનાવાશે

'ગ' અને 'ક' માર્ગ ઉપરાંત જૂના સેકટરોના આંતરિક માર્ગોની સુધારણાના કામ ટૂંકમાં મંજૂર થશે

ગાંધીનગર, તા.૧૩

શહેરમાં માર્ગ નવીનીકરણના કામો અટવાતા સેકટરોનું રોડ નેટવર્ક ખરબચડું જોવા મળી રહ્યું છે. સે-૬ થી ૩૦ના આંતરિક માર્ગો સહિત અન્ય રસ્તાઓને ચકાચક બનાવવા રૂ. ૩૭ કરોડના ખર્ચના અંદાજ સાથે વિભાગને દરખાસ્ત કરવામાં આવી છે.

શહેરમાં સ્થિત ૫૧૪ કિલોમીટરના રોડ નેટવર્ક પૈકી મોટાભાગના રસ્તાઓની સુધારણાનું કામ હજુ બાકી છે. શહેરના મુખ્ય 'ઘ' અને 'ચ' માર્ગ ચકાચક બનાવી દેવાની સાથે સે-૧ થી ૫ ના આંતરિક માર્ગોને પણ ટનાટન બનાવી દેવાયા છે. પરંતુ માર્ગ નવીનીકરણની કામગીરી સંદર્ભે હજુ મોટાભાગનું કામ બાકી છે. શહેરનું રોડ નેટવર્ક ચકાચક બનાવવા પાછળ હજુ ૩૭ કરોડનો ખર્ચ થાય તેમ છે. જેમાં મુખ્યત્વે સે-૨૦ થી ૩૦ના આંતરિક માર્ગો તેમજ સે-૬ થી ૧માં બાકી રહેલી રસ્તા સુધારણાની કામગીરીનો પણ સમાવેશ થાય છે. આ ઉપરાંત રોડ નં.-૧, ૨, ૩ તેમજ રોડ નં. ૭ તેમજ 'ગ' અને 'ક' માર્ગનું કામ પણ બાકી છે. જયારે ઘ-ચ અને છ માર્ગ ઉપરાંત રોડ નં. ૮ના નવીનીકરણનું કામ પૂર્ણ કરી દેવાયુ છે. સે-૨૦ થી ૩૦ના આંતરિક માર્ગોની મરામત માટેનો પણ સમય થઈ ગયો છે. માર્ગ સુધારણાના અભાવે આ માર્ગો ઉબડ ખાબડ બન્યા છે. શહેરમાં રસ્તા સુધારણાના વિવિધ કામો માટે તંત્ર દ્વારા કુલ ૩૭ કરોડના વિવિધ કામો હાથ ધરવા દરખાસ્ત કરવામાં આવી છે. જયારે ટૂંકમાં તબક્કવાર માર્ગ સુધારણાના કામોને મંજુરી અપાશે તેમ પણ સૂત્રોએ જણાવ્યું છે. સેકટરના આંતરિક માર્ગોનું કામ ઝડપભેર હાથ ધરવામાં આવે તેવી લોકલાગણી પ્રબળ બની છે.

ગણેશ વિસર્જન - ગાંધીનગર શહેર છેલ્લા પાંચ દિવસથી ગજાનન ગણપતિની ભક્તિમાં લીન બન્યું છે... દર વર્ષ કરતાં આ વર્ષે ગણપતિની સ્થાપના મોટી સંખ્યામાં કરવામાં આવી હતી... જ્યારે સાત સ્થાનો પર સાર્વજનિક ગણેશોત્સવની ઉજવણી થઈ રહી છે... શુક્રવારે પાંચમાં દિવસે એસ.આર.પી. કેમ્પમાં ગણેશ વિસર્જનો લાગણીસભર કાર્યક્રમ યોજાયો હતો. વાજતે-ગાજતે ગણપતિ બાપાને વિસર્જીત કરવા અને આવતા વર્ષે વેળાસર પધારવા વિનંતી કરતા જયઘોષો સાથે નગરમાં શોભાયાત્રા નિકળી હતી. (તસવીર : દિપક જાની)

મતદારયાદીની સુધારણા-૨૦૧૩

મતદારયાદી સુધારણા કાર્યક્રમ-૨૦૧૪ અંતર્ગત આપનું નામ મતદારયાદીમાં નોંધાવવા માટેની અમૂલ્ય તક....

આપે આપનું નામ મતદારયાદીમાં ચકાસી લીધું છે ?

જો ના, તો મતદારયાદીનો મુસદ્દો તા. ૬-૯-૨૦૧૩ના રોજ પ્રસિદ્ધ થઈ ગયેલ છે જે તા.૫-૧૦-૨૦૧૩ સુધી નીચે જણાવેલ સ્થળોએ રાખેલ છે, જ્યાં આપ આપના નામની સામે આપના ફોટાની પણ રૂબરૂ ચકાસણી કરી શકશો.

- કલેક્ટર કચેરી
- મતદાર નોંધણી અધિકારી/પ્રાંત અધિકારીની કચેરી
- મામલતદાર કચેરી
- મ્યુનિસિપલ કોર્પોરેશનની વૉર્ડ કચેરી
- ગ્રામ પંચાયતની કચેરી
- મ્યુનિસિપાલિટી

મતદારયાદીમાં નામ નોંધાવવા, રદ કરાવવા, કોઈ નામ સામે વાંધો લેવા અને નામ તથા અન્ય વિગતો સુધારવા શું કરશો ?

- તા. ૧-૧-૨૦૧૪ના રોજ ૧૮ વર્ષ કે તેથી વધુ ઉંમરના મતદારનું નામ નોંધાવવા માટે નમૂના-૬ (ઉંમર તથા રહેઠાણના પુરાવા સહિત)માં અરજીકરવી.
- નમૂના-૬માં આપના પાસપોર્ટ સાઈઝનો કલર ફોટોગ્રાફ નિયત જગ્યાએ ચોંટાડવો, જેથી નામ દાખલ કરતી વખતે મતદારયાદીમાં આપના નામની સામે આપનો ફોટો પણ આવી શકે.
- મતદારયાદીમાં કોઈ નામ સામે વાંધો લેવાનો હોય તો તે માટે અથવા મતદારયાદીમાંથી નામ રદ કરાવવા માટે નમૂના-૭માં અરજી કવી.
- મતદારયાદીમાં નોંધાયેલ પોતાનું નામ તથા અન્ય વિગતો સુધારવા નમૂના-૮માં અરજી કરવી.
- એક જ વિધાનસભા મતવિભાગના એક ભાગમાંથી બીજા ભાગમાં નામ તબદીલ કરવા માટે નમૂના-૮(ક)માં અરજી કરવી.

ઉપર્યુક્ત નમૂના કલેક્ટર કચેરી, મતદાર નોંધણી અધિકારી/પ્રાંત અધિકારીની કચેરી, મામલતદાર કચેરીમાંથી વિનામૂલ્યે મેળવી શકશો તેમજ આ નમૂના ભરીને જરૂરી પૂરાવા સાથે ત્યાં જ આપી શકશો.
ઉપરાંત મુખ્ય નિર્વાચન અધિકારીની વેબસાઈટ **www.ceo.gujarat.gov.in** પર આપ ઓનલાઈન અરજી પણ કરી શકશો. આપ આપના નજીકના **e-gram** સેન્ટર ઉપર જઈને પણ વિગતો ચકાસી શકશો અને ઓનલાઈન અરજી પણ કરી શકશો.

તા. ૧૫/૨૨/૨૯-૯-૨૦૧૩ના રોજ ખાસ ઝુંબેશના દિવસોએ સવારે ૯-૦૦ થી સાંજે ૬-૦૦ કલાક દરમિયાન આપના વિસ્તારના મતદાન મથકોએ પણ આ નમૂના મેળવી શકશો તેમજ ભરેલ અરજીઓ તે જ સ્થળોએ પરત આપી શકશો.

યાદ રાખો

એક જ મતદાર વિભાગમાં એક કરતાં વધુ વખત અથવા એક કરતાં વધારે મતવિભાગની મતદારયાદીમાં નામ નોંધાયેલ હોવું તે લોકપ્રતિનિધિત્વ ધારાની જોગવાઈ હેઠળ સજાને પાત્ર ગુનો બને છે.

અરજી કરવાની તારીખ :૫-૧૦-૨૦૧૩

વધુ વિગતો માટે ૧૯૫૦ નંબર ઉપર સંપર્ક કરો

અથવા આપના જિલ્લાની કલેક્ટર કચેરી ખાતે નીચે જણાવેલ ફોન નંબર ઉપરની હેલ્પલાઈન ઉપર સવારના ૧૦-૩૦ થી સાંજે ૬-૦૦ દરમિયાન ફોન કરીને મેળવી શકશો.
આ હેલ્પલાઈન તા. ૫-૦-૨૦૧૩ સુધી કાર્યરત છે.

જિલ્લાનું નામ	ફોન નંબર	જિલ્લાનું નામ	ફોન નંબર	જિલ્લાનું નામ	ફોન નંબર
કચ્છ	૦૨૮૩૨-૨૫૪૦૫૩	જામનગર	૦૨૮૮-૨૫૫૧૦૨૦	વડોદરા	૦૨૬૫-૨૪૨૦૦૦૦
બનાસકાંઠા	૦૨૭૪૨-૨૫૧૭૦૭	પોરબંદર	૦૨૮૬-૨૨૨૦૧૦૦	નર્મદા	૦૨૬૪૦-૨૨૦૬૩૪
પાટણ	૦૨૭૬૬-૨૨૬૬૦૦	જૂનાગઢ	૦૨૮૫-૨૬૩૧૧૯૭	ભરૂચ	૦૨૬૪૨-૨૬૦૧૮૨
મહેસાણા	૦૨૭૬૨-૨૨૦૪૨૩	અમરેલી	૦૨૭૯૨-૨૩૪૦૦૩	સુરત	૦૨૬૧-૨૪૬૪૭૯૧
સાબરકાંઠા	૦૨૭૭૨-૨૪૩૭૦૦	ભાવનગર	૦૨૭૮-૨૫૧૨૧૧૧	ડાંગ	૦૨૬૩૧-૨૨૦૨૭૨
ગાંધીનગર	૦૭૯-૨૩૨૫૧૨૪૫	આણંદ	૦૨૬૯૨-૨૬૩૮૮૨	નવસારી	૦૨૬૩૭-૨૮૦૦૦૧
અમદાવાદ	૦૭૯-૨૭૫૫૯૦૦૦	ખેડા	૦૨૬૮-૨૫૬૩૩૪૧	વલસાડ	૦૨૬૩૨-૨૪૪૩૭૬
સુરેન્દ્રનગર	૦૨૭૫૨-૨૮૨૬૬૬	પંચમહાલ	૦૨૬૭૨-૨૪૧૨૮૮	તાપી	૦૨૬૨૬-૨૨૧૧૮૫
રાજકોટ	૦૨૮૧-૨૪૫૦૬૭૧	દાહોદ	૦૨૬૭૩-૨૩૯૨૩૧		

આપની પાસે મતદાર ફોટોઓળખપત્ર હશે પણ મતદારયાદીમાં નામ નહીં હોય તો આપ મતદાન કરી શકશો નહી, આથી જો ફોટો ઓળખપત્ર હોય તો પણ મતદારયાદીમાં આપનું નામ ચકાસી લો કે જેથી વિધાનસભાની આગામી ચૂંટણીમાં મતદાન કરવામાં આપને મુશ્કેલી ન પડે.

માહિતી/૧૨૨૧/૧૩-૧૪ - મુખ્ય ચૂંટણી અધિકારી, ગુજરાત રાજ્ય

શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

Y.A. MANSURI M. : 9824049503
SANJAY S. SHAH P. Manubhai Medical
Since 1986
॥ અભય ॥
Government Approved Contractor
• Corporate Gathering • Celebrations • Marriage • Exhibitions • Reception • Parties • Seminars
ABHAY DECORATORS
CORRESPONDENCE OFFICE
Plot No. G-192, 193, 194, B/h. Videocon Factory, Electronics Estate, GIDC, Sector-26, Gandhinagar.
Ph. : 079-232 87368, Fax : 079-232 87292
REGD. OFFICE : B-201, Aman Flats, Opp. B.J.P. Office, J.P. Chowk, Khanpur, Ahmedabad. Ph. : 079-25582362
email : info@abhaydecorators, www.abhaydecorators.com

ઈન્દ્રોડામાં ગટરો ઉભરાતા હાલાકી

બેદરકાર એજન્સીને બ્લેકલીસ્ટ કરવા પગલા લેવાશે : તંત્ર : કાયમી નિરાકરણ લાવવા રહીશો લડત આપશે

ગાંધીનગર, તા.૧૩

શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ ગામોમાં ગટરલાઈનની કાર્યયોજના પાછળ સરકારે કરોડો રૂપિયાનું પાણીદોળ કર્યુ હોવાનું દયનીય ચિત્ર ઉપસી આવ્યું છે. કરોડોના ખર્ચ પછી પણ ગ્રામજનો પાયાની સુવિધાથી વંચિત છે. જયારે ગટરલાઈનની આડેધડ અને અપૂર્ણ કામગીરીને લીધે ગ્રામ્ય વિસ્તારમાં ખદબદતી ગંદકી વચ્ચે ગ્રામજનોમાં રોગચાળાની દહેશત પ્રવર્તી છે. ઈન્દ્રોડાના દરબારવાસમાં ગટરનું દૂષિત પાણી ઉભરાતા ગુંગળામણ અનુભવતા ગ્રામજનોની તબિયત લથડી છે!

શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ ગામડાઓમાં વર્ષોના અંતે પણ ગટરલાઈનની કામગીરી પૂર્ણ થઈ નથી. કરોડોના ખર્ચ પછી પણ સ્થિતિ ઠેરની ઠેર છે. આ માટે તંત્ર કક્ષાએથી નિયત કરાયેલી એજન્સીએ પણ કામગીરીમાં ભારોભાર બેદરકારી દાખવતા ગ્રામજનો હજુ પણ પાયાની સુવિધાથી વંચિત છે. સુવિધા માટે તોતિંગ ખર્ચ થયા બાદ પણ શહેરી વિસ્તારના ગામોમાં દુવિધાઓ મંડરાઈ રહી છે. ગટરલાઈનની કામગીરીનું કામ પૂર્ણ અને યોગ્ય ન થતા ગામડાઓમાં ગંદકી ખદબદી રહી છે. બીજી તરફ તંત્ર એ આ માટે જવાબદાર એજન્સીને માત્ર નોટીસ આપી છે. સૂત્રોના જણાવ્યા મુજબ એજન્સીને બ્લેકલીસ્ટ કરવાના પણ પગલાં લેવાશે પરંતુ હાલ આ બેદરકારીનો ભોગ ગ્રામજનો બની રહ્યા છે. ઈન્દ્રોડા ગામમાં સ્થિત દરબારવાસમાં ગટરનું દૂષિત પાણી ઉભરાતા રહીશો ગુંગળામણ અનુભવી રહ્યા છે.

SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
C. C. C. (Customer Care Centre)
Gandhinagar District

VINAYAK 500
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com